રેગ્યુલર દિવાની દરખાસ્ત નં ૧૦/૨૦૨૪

**વાદીની આંક–૨૨ની અરજી લગત હુકમ**

વાદી ધ્વારા આંક–૯ થી અરજી રજુ કરી સવેયરશ્રી ડીઆઇએલઆર કચેરી જુનાગઢ મારફતે સ્થળ સ્થિતીનું રોજકામ કરવાની અરજી રજુ કરેલ જે અરજી અન્વયે તારીખ ૧૫/૦૨/૨૦૨૫ ના રોજ હુકમ થતા સવેયરશ્રી ડીઆઇએલઆર કચેરી જુનાગઢ ધ્વારા રોજકામ કરી આંક–૧૧ થી રોજકામ તથા સ્થળ સ્થિતીનો નકશો રજુ રાખેલ ત્યાર બાદ વાદી ધ્વારા આંક–૧૨ થી અરજી રજુ કરી રજુઆત કરવામાં આવેલ છે કે સવેયરશ્રી ડીઆઇએલઆર કચેરી જુનાગઢનાઓ ધ્વારા કરવામાં આવેલ સ્થળ સ્થિતીના નકસામાં હદ નિશાન કરેલ ન  હોય તે કરી આપે તેવી રજુઆત કરેલ છે જે અરજી સામે પ્રતિવાદીના વિધ્વાન વકીલશ્રી ધ્વારા આંક ૧૪ થી વાંધા રજુ કરીને રજુઆત કરેલ છે કે સવેયરશ્રી ડીઆઇએલઆર કચેરી જુનાગઢનાઓ રજુ કરેલ માપણી શીટમાં કોઇ દબાણ દશાવેલ નથી કે દબાણ હોય તેવું સ્પષ્ટ થતું નથી તેમજ પ્રતિવાદીના વિધ્વાન વકીલશ્રીએ વિશેષમાં પણ એવી રજુઆત કરેલ છે કે જો જમીનો વચ્ચે હદ નિશાન નાખવામાં આવશે તો આજુબાજુ વાળાની જમીનોને નુકશાન થાય તેમ છે આમ બંને પક્ષનો દલીલો તથા પ્રતિવાદી તરફે આંક–૧૨ની અરજી અન્વયે આંક–૧૪ થી રજુ થયેલ વાંધા ધ્યાને લઇએ તો પણ વાદી પ્રતિવાદીની જમીનો વચ્ચે હદ નિશાન નાખવામાં આવે તો વાદી કે પ્રતિવાદીને કોઇ નુકશાન થાય તેમ નથી કે આજુબાજુ વાળાઓને પણ આ હદ નિશાન નાખવાથી કોઇ વાંધો તકરાર ઉભી થાય તેમ નથી અને વધુમાં જો હદ નિશાન નાખવામાં નહી આવે તો વાદી પ્રતિવાદી વચ્ચેની તકરારનો અંત આવશે નહી અને કોટ સમક્ષ સ્થળની વાસ્તવીક પરીસ્થીતી પણ આવશે નહી  જેથી પણ આ અરજી મંજુર કરવી યોગ્ય અને ન્યોચીત જણાય આવતી હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– હુકમ –**

વાદીની આંક–૧૨ની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

સવેયરશ્રી, ડીઆઇએલઆર, જુનાગઢના ધ્વારા મોજે સુલતાનપુર, તા. માંગરોળના સ.નં. ૮૮/૨/પૈકી–૧/પૈકી–૧(નવા સ.નં.૧૧૦), સ.નં. ૮૮/૨/પૈકી–૧/પૈકી–૨ (નવા સ.નં.૧૦૭) તથા સ.નં. ૧૦૫/પૈકી–૨(નવા સ.નં.૧૦૮)માં હદ નિશાન કરી આપવા તથા તે મુજબનું નવુ સ્થળ સ્થિતીનું રોજકામ તથા માપણી શીટ તૈયાર કરી મુદત તારીખ : ૦૨/૦૩/૨૦૨૬ ના રોજ કે તે પહેલા અત્રેની અદાલતમાં રજુ કરવો.

વાદીએ કમીશ્નર ફી પેટે હાલના તબકકે રકમ રુા. ૫૦૦૦/– જમા કરાવ્યેથી કમીશ્નરપત્ર ઇશ્યુ કરવું

હુકમ આજરોજ તા. ૧૬મી, માહે – ફેબ્રુઆરી, સને–૨૦૨૬ના રોજ વાંચી, સંભાળાવી જાહેર કર્યો.

(એ.એમ.મહેતા)
મુખ્ય સીવીલ જજ,
માંગરોળ.